ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી, ભુજ

## બી.એડ્.પ્રવેશના નિયમો ૨૦૧૮-૨૦૧૯

**માધ્યમ અંગેના નિયમો:**

૧. તમામ માધ્યમો માટે એક જ સળંગ મેરિટ યાદી બનશે.માધ્યમ પ્રમાણે કોઈ જગ્યાઓ નથી.
૨. જે માધ્યમમાં પ્રવેશ મેળવેલ હોય તે જ માધ્યમમાં સમગ્ર પ્રાયોગિક કાર્ય કરવાનું રહેશે.

**લાયકાત અંગેના નિયમો:**

૧.યુ.જી.સી.એ.માન્ય કરેલ કોઈપણ વૈધાનિક યુનિવર્સિટીની ૧૦+૨+૩ની તરાહ પદવી પરીક્ષામાં NCTEએ નકકી કરેલા જોગવાઈ મુજબ કુલ ગુણના ઓછામાં ઓછા ૫૦% ગુણ (એસ.સી./એસ.ટી./S.E.B.C. ના વિધાર્થીઓ માટે ૪૫% ગુણ) મેળવી પાસ કરનાર વિધાર્થી બી.એડ્.ના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણાશે.

**વિષયની પસંદગીના નિયમો:**

૧. ઈતિહાસ,ભુગોળ,અર્થશાસ્ત્ર,મનોવિજ્ઞાન કે રાજયશાસ્ત્ર (પોલિટેનિક સાયન્સ) સમાજશાસ્ત્ર,ગૃહવિજ્ઞાન,(B.A.) કે તત્વજ્ઞાન,પુરાતત્વ વિજ્ઞાન અને નૃવંશશાસ્ત્ર સાથે બી.એ.પાસ કરનારને બી.એડ્.માં સામાજીક વિજ્ઞાન પધ્ધતિ આપવામાં આવશે.
૨. અર્થશાસ્ત્ર વિષય સાથે એમ.એ. થનાર વિધાર્થીને જ અર્થશાસ્ત્ર પધ્ધતિમાં એડમિશન મળી શકશે. કોડ ૧૯ ભરનાર વિધાર્થીને કોડ ૧૮ના વિષયનો લાભ મળી શકશે નહી.
૩. વાણિજય વિધાશાખાના કોઈપણ વિષય સાથે બી.કોમ./એમ.કોમ થયેલ વિધાર્થી પ્રવેશપાત્ર ગણાશે. તેઓ નામાના મુળ તત્વો અને વાણિજય પધ્ધતિ માટે પ્રવેશપાત્ર ગણાશે.
૪. સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય વિષયમાં પ્રવેશ અપાયા બાદ જો ખાલી જગ્યા રહેશે,તો પ્રવેશ સમિતિ નકકી કરે તે વિષયમાં સીટો તબદીલ કરવમાં આવશે.
૫. ઉમેદવારોને વિષયમાં એડમિશન અપાયેલ હશે તે સિવાયની બીજા વિષય–પધ્ધતિ જે તે કોલેજ દ્વારા નકકી કરવામાં આવશે.આ બાબતે કોલેજનો નિર્ણય આખરી ગણાશે.કોલેજોમાં નહી શીખવાતા વિષય–પધ્ધતિને બીજા વિષય પધ્ધતિ તરીકે રાખી શકાશે નહી.
૬. પરિશિષ્ટ ૪ માં આપેલ વિષય પસંદગીના કોડ મુજબ શરૂઆતમાં પ્રવેશ આપવામાં આવશે જો તે વિષયની બેઠકો ખાલી રહેશે તો જ પરિશિષ્ટ ૫ માં દર્શાવેલ વિષય કોડ થી ભરવામાં આવશે.

**બેઠકોની ફાળવણી:**

૧. કોલેજવાર પ્રવેશ સંખ્યા યુનિવર્સિટી, રાજય સરકાર અને NCTEના નિયમોને આધિન વખતો વખત જે નકકી થાય તે પ્રમાણે રહેશે.
૨. કચ્છ યુનિવર્સિટીમાંથી પાસ થનાર સ્નાતક તથા અનુસ્નાતક વિધાથીઓમાંથી ૯૦% બેઠકો ભરવામાં આવશે.
૩. ૮% બેઠકો ગુજરાત રાજયની માન્ય યુનિવર્સિટીના સ્નાતક/અનુસ્નાતકો દ્વારા અને ૨% બેઠકો ગુજરાત રાજય બહારની માન્ય યુનિવર્સિટીના વિધાર્થીઓ દ્વારા ભરવામાં આવશે.આ બેઠકો વર્ષ ૨૦૧૭ અથવા તે પહેલા સ્નાતક અને અનુસ્નાતક થયેલ વિધાર્થીઓ વડે ભરવામાં

આવશે.ફોર્મ જમા કરાવતી વખતે વિદ્યાર્થી એ ઓરિજીનલ માર્કશીટ રજુ કરવી ફરજીયાત છે.

૪. અનામત અને ઓપન બેઠકોઃ
SC - 7%
ST -15%
SEBC -27%
OPEN - 51%

૫. અનામત કેટેગરીમાની જગ્યાઓ જો ઉમેદવારની ઉપલબ્ધીના અભાવે નહી ભરાય તો યુનિવર્સિટી જે તે જગ્યાઓ રૂપાંતરીત કરવાનો નિર્ણય લઈ શકશે.
૬. કાશ્મીરી માઈગ્રેશન ધરાવતા વિધાર્થીઓની બેઠકોની ફાળવણી માનવ સંશાધન મંત્રાલયના પત્ર ક્રમાંકઃNo.3-1/2012-NER તા.૨૭/૨/૨૦૧૨ના નિયમોને આધીન રહેશે.

**વિકલાંગ/ અંધ ઉમેદવાર માટે**

અ) વિકલાંગ ઉમેદવાર માટે કુલ સીટની 3% બેઠકો ફાળવવામાં આવશે.પરંતુ આ 3% બેઠકો ઓપન,એસ.સી.,એસ.ટી.,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત કેટેગરીમાં સમાવી લેવામાં આવેલ છે.એટલે અનામતની કુલ ટકાવારી 49% ટકા રહેશે.

બ) પી.એચ.(વિકલાંગ) કક્ષાનો લાભ લેવા ઈચ્છનાર ઉમેદવારોએ સિવિલ સર્જનનું પ્રમાણપત્રક સાથે અચુક જોડવાનું રહેશે. આ પ્રકારના ઉમેદવારો ઓછામાં ઓછી 40% વિકલાંગતા ધરાવતા હશે. તેઓ મેરિટના આધારે પ્રવેશપાત્ર થશે.જો તે વિકલાંગતા અવરોધક હશે.તો તે વિધાર્થી બી.એડ્.માં પ્રવેશપાત્ર ગણાશે નહી અને જો પ્રવેશ અપાઈ ગયો હશે તો તે પ્રવેશ રદ્ થશે.

**અનામત કેટેગરી અંગેઃ**

૧. અનામત બેઠકનો લાભ લેવા ઈચ્છતા ઉમેદવારોએ સક્ષમ અધિકારીનું જાતિનું પ્રમાણપત્ર સાથે જોડવાનું રહેશે.SEBC માટે 'ઉન્નત વર્ગમાં આવતા નથી' (નોનક્રિમિલેયર) તેવું દર્શાવતું સક્ષમ અધિકારીનું તા.૧/૪/૨૦૧૬ કે તે પછી આપેલ પ્રમાણપત્ર જોડવું આ સિવાય SEBC કેટેગરીનો લાભ મેળવી શકાશે નહી.
૨. જાતિનું પ્રમાણપત્ર કે નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ અરજી સાથે રજુ કરેલ નહી હોય,તો સદર અરજદારને જનરલ (ઓપન) કેટેગરીમાં ગણવામાં આવશે. પાછળથી કોઈપણ સંજોગોમાં કેટેગરી બદલવામાં આવશે નહી.
૩. કાશ્મીરી માઈગ્રેશનવાળાએ તમામ પુરાવા સાથે રજુ કરવાના રહેશે.

**પ્રોવિઝનલ એલિજીબિલીટી અંગેઃ**

૧. કચ્છ યુનિવર્સિટીના વિધાર્થીઓ સિવાયના તમામ અરજદારોએ કચ્છ યુનિવર્સિટમાંથી પ્રોવિઝનલ એલિજીબિલિટી સર્ટિફીકેટ(પીઈસી) મેળવી તેની ઝેરોક્ષ નકલ અરજી પત્રક સાથે મેળવ્યા બાદ અસલ સર્ટિફીકેટ જે તે કોલેજમાં આપવાનું
૨. કચ્છ યુનિવર્સિટીના કાર્યાલયમાં એલિબિલિટી સર્ટિફિકેટ માટેનું અરજીપત્રક અને ફી ભર્યા પછી જરૂરી પ્રમાણપત્રો (મુળ તથા પ્રમાણિત નકલો) રજુ કરવાથી પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટિફિકેટ મેળવી શકાશે. આ કાર્યવાહી પ્રવેશ ફોર્મ ભર્યા પહેલા ૫

દિવસમાં સમાપ્ત કરી લેવી. આ જવાબદારી અરજદારની પોતાની રહેશે.પીઈસી મેળવવા ભરવાનું થતું ફોર્મ વિદ્યાર્થીની સુવિધા ખાતર આ અરજીપત્રક સાથે સામેલ છે.

**મેરિટ ગુણ નકકી કરવાની રીતઃ**

૧.મેરિટ લિસ્ટ માટે પ્રવેશ ગુણાંકની ગણતરી નીચે પ્રમાણે થઈ શકશે.

પ્રવેશ ગુણાંક = સ્નાતક કક્ષાએ મેળવેલ કુલ ગુણના% + અનુસ્નાતક કક્ષાએ મેળવેલ કુલ ગુણના૨૦%

અ) ટી.વાયમાં જે વિષય સાથે સ્નાતક થયા હોય તે જ વિષયમાં જો અનુસ્નાતકની પદવી મેળવેલ હોય તો જ અનુસ્નાતકના કુલ ગુણના ૨૦% મેરિટની ગણતરીમાં લેવામાં આવશે.જયાં વિષય બદલ્યો હોય ત્યાં આ લાભ આપવામાં આવશે નહી.

બ) અનુસ્નાતક પદવી પરીક્ષા પાર્ટ–૨ પૂર્ણ થયેલ હોય અને પાસની માર્કશીટ હોય તો જ તે વિદ્યાર્થીના અનુસ્નાતક કક્ષાએ મેળવેલ ગુણના ૨૦% મેરિટની ગણતરીમાં લેવામાં આવશે.

૨.જો પ્રવેશ ગુણાંક સરખા થતા હોય ત્યારે અગ્રતાક્રમ નીચે પ્રમાણે નકકી કરવામાં આવશે.

અ) એસ.વાય.ના ગુણની ટકાવારી

બ) જો એસ.વાય.ની ટકાવારી સરખી હોય તો એફ.વાયના ગુણની ટકાવારી.

ક) જો (અ) અને(બ) ઉપયોગ કર્યા બાદ બે ઉમેદવારના સરખા મેરિટ ગુણ થતા હોય તો ધોરણ ૧૨ની ટકાવારીની સરખામણી કરવી.તેમ છતાં અગ્રતાક્રમ નકકી ન થાય તો પ્રવેશ સમિતિ ન્યાયિક પ્રયુકિતનો ઉપયોગ કરી નિર્ણય આપશે.

૩. વિષયવાર મેરિટ ગુણના આધારે જ પ્રવેશ અપાશે.અન્ય કોઈ પણ પ્રકારના ગુણ કે ધોરણો કે સિદ્ધિઓ ગણતરીમાં લેવાશે નહી.

**સામાન્ય નિયમોઃ**

૧. સ્નાતક પરીક્ષા ગુજરાત રાજયની યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન કોલેજમાંથી પસાર કરેલી હોવી જોઈએ તો જ ગુજરાત રાજયની યુનિવર્સિના વિદ્યાર્થીની કેટેગરી ગણાશે.
૨. ઉમેદવારે માત્ર એક જ પ્રવેશ ફોર્મ ભરી શકશે.એક કરતાં વધુ ફોર્મ ભરશે, તો તેના બધા જ ફોર્મ રદબાતલ ગણાશે.
૩. ખોટી,અધુરી,વિરોધાભાસી,અસ્પષ્ટ વિગતવાળું ફોર્મ રદ્ કરવામાં આવશે.
૪. ફોર્મ રૂબરૂમાં જ ઉમેદવારે જમા કરાવવું.
૫. સ્વીકારવાની નકકી કરેલી છેલ્લી તારીખ પછી કોઈપણ સંજોગોમાં અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી.
૬. અરજીપત્રક **જમા કરાવતી સમયે આપને આપવામાં આવેલ રસીદ પર આપને આપવામાં આવેલ નંબર જ આપશ્રી નો રજીસ્ટ્રેસન નંબર ગણાશે.**

   તમારો રજીસ્ટ્રેશન નંબર ગણાશે કોઈપણ વિગતોની તપાસ માટે તે નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.
૭. પ્રવેશ વખતે જાહેરાત મુજબ નિર્ધારિત દિવસે અને સમયે સ્વ ખર્ચે ઉમેદવારે જાતે પોતાના ક્રમ આવે ત્યાં સુધી હાજર રહેવું ફરજીયાત છે.કોઈ પણ કારણસર વિદ્યાર્થી

હાજર રહેશે નહી તો, તે પ્રવેશપાત્ર રહેશે નહી. આ બાબતની રજુઆત કે ફરિયાદ પાછળથી પ્રવેશ કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહી.

૮. પ્રવેશ વખતે ઉમેદવારોએ અસલી પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે. પ્રવેશ ફોર્મમાં ભરેલી વિગતો અને પ્રમાણપત્રો ગુણ પત્રકોમાં કોઈ વિસંગતતા જણાશે તો તેવા ઉમેદવારોનો પ્રવેશ રદ્ થશે. આ બાબતની રજુઆત પાછળથી સાંભળવામાં આવશે નહી.

૯. એક વાર એક કેટેગરીમાં પ્રવેશ મેળવી લીધા બાદ અન્ય કેટેગરીમાં પ્રવેશ મેળવવાનો હકક રહેશે નહી. તે બાબતનું લખાણ આપવાનું રહેશે.

૧૦. એક વખત કોઈપણ કોલેજમાં પ્રવેશ મેળવી લીધા બાદ અન્ય કોલેજમાં પ્રવેશ મેળવવાનો હકક રહેશે નહી અને કોલેજ તેમજ માધ્યમ બદલી આપવામાં આવશે નહી.

૧૧. પ્રવેશ મળયેથી ઈન્ટરવ્યુની દિવસે **જ** સ્થળ પર **પ્રવેશ ફી** રોકડેથી ભરવાની રહેશે.જે ફી ભરવામાં નહી આવે તો પ્રવેશ રદ્ થશે. આ બાબતે પાછળથી વિવાદ ચાલી શકશે નહી. ફી ભરવામાં નહી આવે તો પાછળ ક્રમના વિધાર્થીને પ્રવેશ આપી દેવામાં આવશે.

**પ્રવેશ ફી**

| ક્રમ | કોલેજનું નામ | ભાઈઓ માટેની ફી | બહેનો માટેની ફી | |
|---|---|---|---|---|
| ૧. | એસ.ડી.શેઠિયા કોલેજ ઓફ એજયુકેશન ,મુન્દ્રા | રૂ./૨૨૬૦/- | રૂ./૧૦૧૦/- | સેમેસ્ટર દીઠ |
| ૨. | દાદા દુખાયલ કોલેજ ઓફ એજયુકેશન, આદિપુર | રૂ./૧૫,૦૦૦/– | રૂ./૧૫,૦૦૦/– | સેમેસ્ટર દીઠ |
| ૩. | ડો.એચ.આર.ગજવાણી કોલેજ એજયુકેશન, આદિપુર | રૂ./૧૫,૦૦૦/– | રૂ./૧૫,૦૦૦/– | સેમેસ્ટર દીઠ |
| ૪. | વી.ડી.ઠકકર કોલેજ એજયુકેશન, ગાંધીધામ | રૂ./૧૫,૦૦૦/– | રૂ./૧૫,૦૦૦/– | સેમેસ્ટર દીઠ |
| ૫. | એમ.ડી.કોલેજ ઓફ એજયુકેશન,હરિપર–ભુજ | રૂ./૧૫,૦૦૦/– | રૂ./૧૫,૦૦૦/– | સેમેસ્ટર દીઠ |
| ૬. | માં આશાપુરા બી.એડ્.,એમ.એડ્. કોલેજ ફોર ગર્લ્સ ભુજ | -- | રૂ./૧૫,૦૦૦/– | સેમેસ્ટર દીઠ |
| | | | | |

**૧૨.** (માન.આર.જે.શાહ ફી કમિટી દ્વારા ફીના ધોરણોમાં જે કંઈ ફેરફાર થાય તે સંસ્થા તથા વિધાર્થીને બંધનકર્તા રહેશે.)

પ્રથમ સેમેસ્ટરની ફી ઉપર મુજબ અંદાજીત છે વખતો વખતના સુધારા મુજબ બાકીની ફી કોલેજે લેવાની રહેશે.

૧૩.એક વખત પ્રવેશ લીધા પછી ફી પરત કરવામાં આવશે નહ્રીં

૧૪.ગ્રાન્ટેબલ અને સ્વનિર્ભર કોલેજનો પ્રવેશ એક સાથે જ શરૂ થશે.

૧૫.પ્રવેશ ફોર્મથી શરૂ કરી પ્રવેશ સુધીની તમામ કાર્યવાહીની જાહેરાત સમાચાર પત્રો અને

યુનિવર્સિટી વેબસાઈટ www.kskv.digitaluniversity.ac , www.kskvku.ac.in પર જાહેર થાય તે મુજબ ઉમેદવારે સ્વ.ખર્ચે દર્શાવેલ તારીખે,સમય અને સ્થળે ઉપસ્થિત થવાનું રહેશે. આ માટે કોઈપણ વ્યવહાર
કરવામાં આવશે નહી. પ્રવેશ કાર્યવાહી અંગે વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધ થતી જાહેરાત તેમજ યુનિવર્સિટી નોટિશ બોર્ડ ઉપરની જાહેરાત જોવાની જવાબદારી અરજદારની રહેશે.

૧૬. વિદ્યાર્થી માટે જે તે કોલેજના શિસ્તના નિયમ બંધનકર્તા રહેશે અને તે બાબતનું ખાત્રીપત્રક કોલેજને આપવાનું રહેશે.

૧૭. પ્રવેશ ગુણાંક, વિષયની પસંદગી, બેઠક ફાળવણી, કોલેજની પસંદગી વગેરેનું અર્થઘટન કરવામાં
બી.એડ્.મધ્યસ્થ પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.આ બાબતો કોઈ વિવાદ ચાલશે નહીં.

૧૮. પ્રવેશની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઉમેદવાર તરફથી સમિતિના કોઈપણ સભ્યને ધાકધમકી કે દબાણ કરવામાં આવશે, તો પ્રવેશ રદ્દ કરવાનો અધિકાર બી.એડ્.મધ્યસ્થ પ્રવેશ સમિતિને રહેશે.

૧૯. પ્રવેશના નિયમો ફાઈનલ થયા પછી કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં અને પ્રવેશ દરમિયાન કોઈ વાદ–વિવાદ ચર્ચા કરી શકાશે નહીં.

૨૦.માત્ર કચ્છ યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૭-૧૮ વિદ્યાર્થીઓએ પરિણામ જાહેર થયા પછી બે દિવસમાં બી.એડ્.સેલમાં માર્કશીટની નકલ રૂબરૂમાં અથવા વેબસાઈટ ઉપરથી પ્રીન્ટ જમા કરાવવાની રહેશે.માર્કશીટની નકલ ઉપર નોંધણી નંબર અવશ્ય નોંધવો. માર્કશીટ સમયસર નહીં. મળે તો જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં.

૨૧. B.Ed. પ્રવેશના તમામ ઉમેદવારોને ઉપરોક્ત તમામ નિયમો બંધનકર્તા રહેશે.

**ચેરમેન**
**બી.એડ્.મધ્યસ્થ પ્રવેશ સમિતિ**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ–૩૭૦૦૦૧**